# પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા “સ્વચ્છ દૂધ ઉત્પાદન” વિશે પશુપાલક બહેનોને તાલીમ આપવામાં આવી

આજના વૈશ્વીકરણ અને હરીફાઈના યુગમાં જથ્થા સાથે ઉતમ ગુણવતા પણ ખુબજ મહત્વની છે. આજે લોકો પોતાના આરોગ્ય પ્રત્યે ખુબજ કાળજી લેતા થયા છે અને લોકો વધુ રૂપિયા આપીને પણ સારી, સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખે છે. તો આમાં દૂધ પણ બાકાત નથી. સ્વચ્છ દૂધ ઉત્પાદન કરવું એ આજના સમયની માંગ છે. પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા ખાતે દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના વાઘ-લવારિયા ગામાની પશુપાલક બહેનોને તા. ૧૨/૦૯/૨૦૧૯ ના રોજ **“સ્વચ્છ દૂધ ઉત્પાદન”** વિષય ઉપર તાલીમ આપવામાં આવી.

ડો. જી.જે.પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા પશુપાલકોને સમજાવ્યું આપણો દેશ વિશ્વના સૌથી વધારે દૂધ ઉત્પાદન કરતાં દેશ તરીકે પ્રથમ સ્થાને આવી ગયો છે પરંતુ દૂધની ગુણવત્તા નહી હોવાના કારણે દૂધ ઉત્પાદકોને આર્થીક ફાયદો મળી શકતો નથી. તેથી દરેક પશુપાલકોએ સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે પ્રયત્ન કરવા જોઈએ.

પશુ વિજ્ઞાન કેન્દ્રના વડા અને પ્રાધ્યાપક, ડો. કે. એન. વાઘવાણી અને ડો.ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ સ્વચ્છ દૂધ કોને કહેવાય, સ્વચ્છ દૂધ ઉત્પાદનના ફાયદાઓ તેમજ સ્વચ્છ, સ્વસ્થ અને ગુણવત્તાયુક્ત દૂધ ઉત્પાદનના તમામ મુદ્ધાઓ જેવા કે પશુધનની પસંદગી અને તેની માવજત, દૂધ દોહતા પહેલા, દૂધ દોહન દરમિયાન અને દૂધ દોહયા પછી લેવી પડતી કાળજીઓ, દૂધ દોહનમાં વપરાતા વાસણોની સાફ સફાઈ વગૈરે બાબતોથી પશુપાલક બહેનોને સવિસ્તર સમજણ પૂરી પાડેલ હતી.

ડો. પી. એચ. ગોધાણી(તાલીમ સહાયક), ટીઆરટીસી, દ્વારા પશુઓમાં જૈવિક સરંક્ષણ અંગે તાલીમાર્થીઓને વ્યાખ્યાન આપેલ.



# તા. ૧૨.૦૯.૨૦૧૯ ના રોજ પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે'બારીયા ખાતે પશુપાલન પર તાલીમ આપવામા આવી












પશુ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ
(લીમખેડા)
જી.દાહોદ




પશુ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ
(લીમખેડા)
જી.દાહોદ


પશુ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ
(લીમખેડા)
જી.દાહોદ